પાટનગરનું પોતાનું અખબાર
# ગાંધીનગર સમાચાર
Gandhinagar વર્ષ : (૩૪) અંક નં. ૩૩૬ | ૧૮ ફેબ્રુઆરી, ૨૦૨૦, મંગળવાર; મહા વદ - ૧૦ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

# સેનામાં મહિલાઓ માટેના સ્થાયી કમીશનને ‘સુપ્રિમ’ની મંજૂરી

**ત્રણ મહિનાની અંદર પરમેનેન્ટ કમિશન માટે સુપ્રિમનો આદેશ : કેન્દ્ર સરકારને લગાવેલી ફટકાર : સુપ્રિમ કોર્ટે દિલ્હી હાઇકોર્ટના ચુકાદાને યથાવત્ રાખ્યો : મહિલાઓને સેનાના ૧૦ વિભાગોમાં સ્થાયી કમિશન આપવામાં આવે : મહિલાઓને કમાન્ડ ના આપવાનો સરકારનો તર્ક અયોગ્ય અને ભેદભાવપૂર્ણ : કેન્દ્ર સરકાર પોતાની માનસિકતા બદલે : સુપ્રિમ**



ન્યુ દિલ્હી,તા.૧૭

સુપ્રીમ કોર્ટે સોમવારે સેનામાં મહિલાઓને પરમેનેન્ટ કમિશનની માંગ વાળી અરજી પર સુનાવણી કરતા કેન્દ્ર સરકારને ફટકાર લગાવી છે. કોર્ટે જણાવ્યું કે, સામાજિક અને માનસિક કારણ જણાવીને મહિલા અધિકારીઓને આ અવસરથી વંચિત કરવી ભેદભાવપૂર્ણ હોવાની સાથે જ તે અસ્વીકાર્ય છે. કોર્ટે આકરી ટિપ્પણી કરતા કેન્દ્ર સરકારને પોતાની માનસિક્તામાં બદલાવ કરવા જણાવ્યું છે.

સુપ્રીમ કોર્ટે દિલ્હી હાઈકોર્ટના ચુકાદાના યથાવત રાખતા જણાવ્યું કે, મહિલાઓને સેનાના ૧૦ વિભાગોમાં સ્થાયી કમિશન આપવામાં આવે. કોર્ટે મહિલાઓને કમાન્ડ ના આપવાના સરકારના તર્કને પણ અયોગ્ય અને ભેદભાવપૂર્ણ ગણાવ્યો છે.

જસ્ટિસ ડીવાય ચંદ્રચૂડ અને જસ્ટિસ અજય રસ્તોગીની પીઠે જણાવ્યું કે, સેનામાં મહિલા અધિકારીઓની નિમણૂંક એક વિકાસવાદી પ્રક્રિયા છે. સુપ્રીમ કોર્ટે કેન્દ્ર સરકારને ફટકાર લગાવતા જણાવ્યું કે, સુપ્રિમ કોર્ટ દ્વારા હાઈકોર્ટના ચુકાદા પર રોક નથી લગાવવામાં આવી. આમ છતાં કેન્દ્રએ હાઈકોર્ટના આદેશને કેમ લાગું નથી કર્યો?

● અનુસંધાન પાન-૭ પર

# નિર્ભયાના દોષિતોને ત્રીજી માર્ચે ફાંસી

**નિર્ભયા કેસમાં ત્રીજી વખત ડેથ વોરંટ જારી કરવામાં આવ્યું : દિલ્હીની પટિયાલા હાઉસ કોર્ટે ફાંસી આપવા માટેનો આદેશ આપ્યો : નરાધમો પાસે હજુ પણ કેટલાક કાનૂની વિકલ્પ હોવાનો અપરાધીના વકીલ દ્વારા દાવો**

મુંબઈ, તા.૧૭

સમગ્ર દેશને હચમચાવી મુકનાર નિર્ભયા ગેંગરેપ કેસમાં ચારેય અપરાધીઓની સામે આજે ત્રીજી વખત ડેથ વોરંટ જારી કરવામાં આવ્યું હતું. દિલ્હીના પટીયાલા હાઉસ કોર્ટે દોષિતોને ત્રીજી માર્ચના દિવસે સવારે છ વાગે ફાંસી આપવા માટેનો આદેશ કર્યો છે. નિર્ભયાના પરિવાર તરફથી દાખલ કરવામાં આવેલી અરજી પર કોર્ટમાં સુનાવણી ચાલી રહી હતી. બીજી બાજુ દોષિતોના વકીલ એપી સિંહે હજુ પણ કહ્યું છે કે અપરાધીનીઓની પાસે કાનૂની વિકલ્પો રહેલા છે. મીડિયા અને રાજનેતાઓના દબાણના કારણે ફાંસીની તારીખ આવી છે. બીજી બાજુ નિર્ભયાની માતાએ પ્રતિક્રિયા આપતા કહ્યું છે કે અમને આશા છે કે હવે ત્રીજી માર્ચના દિવસે ફાંસી આપવામાં આવશે. ગુનેગારોને તેમની સજા મળશે. જોકે કેટલાક અનુભવોને ધ્યાનમાં લઈને તેમના કહેવા પર હજુ પણ જેટલી ખુશી દેખાઈ રહી નથી. બીજી બાજુ દોષિતોના વકીલોનું કહેવું છે કે તેઓ અક્ષય માટે નવી દયાની અરજી કરશે. પવનની પાસે પણ ક્યુરેટીવ પિટીશન અને રાષ્ટ્રીયપતિની પાસે દયાની અરજીનો વિકલ્પ છે. સુપ્રિમ કોર્ટે શુક્રવારે સ્પષ્ટતા કરતા કહ્યું હતું કે નિર્ભયા ગેંગરેપ અને હત્યા મામલામાં ચારેય દોષિતોને અલગ અલગ રીતે ફાંસી આપવાની માંગ કરતી કેન્દ્રની અરજીને પેન્ડીંગ રહેવાની બાબત દોષિતોને ફાંસી આપવા માટે નીચલી કોર્ટ દ્વારા આપવામાં આવેલી નવી તારીખ આડે અડચણરૂપ નથી. આ પહેલા આજે જાણવા મળ્યું હતું કે દોષિત મુકેશના વકિલ વૃંદા ગ્રોવર રજા ઉપર છે. ત્યારબાદ રવિ કાજીને મુકેશ તરફથી રજુઆત કરવા માટે મંજુરી આપવામાં આવી હતી. સુપ્રિમ કોર્ટે કહ્યું હતું કે ત્રણેય અપરાધીઓની કોઈ અરજી હવે કોર્ટમાં પેન્ડીંગ નથી. ત્રણની દયાની અરજી રાષ્ટ્રપતિ દ્વારા ફગાવી દેવામાં આવી છે.

# શાહીનબાગ મામલે મંત્રણા માટે સુપ્રિમ દ્વારા ટીમની રચના

**૨૪મી ફેબ્રુઆરીના દિવસે મામલામાં સુનાવણી : માર્ગને ખાલી કરવા માટે કોઈ આદેશ જારી ન કરાયો : શાહીનબાગમાં છેલ્લા બે મહિનાથી રસ્તો બંધ**

નવી દિલ્હી, તા.૧૭

શાહીનબાગમાં આશરે બે મહિનાથી બંધ રહેલા માર્ગોને ખોલવામાં હજુ પણ સમય લાગી શકે છે કારણ કે સુપ્રિમ કોર્ટે પણ સાવચેતીપૂર્વક હળવું વલણ અપનાવ્યું છે. શાહીનબાગમાં નાગરિક સુધારા કાનૂન (સીએએ) અને રાષ્ટ્રીય નાગરિક રજીસ્ટ્રારને લઈને ધરણા પ્રદર્શન ચાલી રહ્યા છે. જેના કારણે માર્ગ-૧૩-એ બંધ સ્થિતિમાં છે. આ મામલાની સુનાવણી દરમિયાન સુપ્રિમ કોર્ટે આજે કેન્દ્ર, દિલ્હી સરકાર અને દિલ્હી પોલીસને દેખાવકારો સાથે વાતચીત કરવા માટે કહ્યું હતું. આજે સુનાવણી હાથ ધરવામાં આવ્યા બાદ સુપ્રિમ કોર્ટે કહ્યું હતું કે નિયમ મુજબ દેખાવ માટે જંતર મંતરની જગ્યા રહેલી છે. શાહીનબાગમાં છેલ્લા બે મહિનાથી માર્ગ બંધ સ્થિતિમાં છે. જનજીવન ઠપ કરવાના લીધે સમસ્યાઓ ઉભી થઈ છે. સુપ્રિમ કોર્ટે દેખાવકારો સાથે વાતચીત કરવા માટે એક કમિટીની રચના કરી છે. આ કમિટીમાં વરિષ્ઠ વકીલ સંજય હેગડે, સાધના રામચંદ્રન અને પૂર્વ મુખ્ય સૂચના કમિશનર વજાહત હબીબુલ્લાનો સમાવેશ થાય છે. આ ત્રણેયને મધ્યસ્થી કરવા માટે કહેવામાં આવ્યું છે. અરજી પર સુનાવણી કરતી વેળા સુપ્રિમ કોર્ટે કહ્યું હતું કે દેખાવ કરવાની જગ્યા જંતર મંતર છે. આ



મુદ્દો જીવન જરૂરી કામગીરીને ખોરવી રહ્યો છે. ૨૪મી ફેબ્રુઆરીના દિવસે વધુ સુનાવણી હાથ ધરવામાં આવશે. સુપ્રિમ કોર્ટે દિલ્હી પોલીસ કમિશનરને એફિડેવિટ દાખલ કરવા માટે સૂચના આપી છે. કોર્ટે સુનાવણી દરમિયાન કહ્યું હતું કે લોકોને પોતાના અવાજને સમાજ સુધી પહોંચાડવાનો અધિકાર છે. અધિકારીઓની સુરક્ષાના વિરોધમાં કોઈ કામ કરવામાં આવી રહ્યું નથી. લોકશાહીમાં પોતાના અવાજને ચોક્કસપણે પહોંચાડવાની જરૂર છે.

● અનુસંધાન પાન-૭ પર

# વોડા-આઈડિયાની નવી દરખાસ્ત સુપ્રિમે ફગાવી

**ભારતી એરટેલે ૧૦ હજાર કરોડ ચુકવી દીધા : શુક્રવારે બીજા ૧૦૦૦ કરોડ ચુકવવા વોડા-આઈડિયાએ ખાતરી આપી હોવા છતાં સુપ્રિમે દરખાસ્તને ફગાવી દીધી**

કૈલાસ યાત્રા જતા પહેલા કૈલાસ વિશે જાણો...
કૈલાસ માનસરોવર યાત્રા
R K VACATIONS PVT. LTD.
079- 40 40 35 35 | 61 61 35 35

મુંબઈ, તા. ૧૭

સુપ્રિમ કોર્ટે આજે કઠોર વલણ અપનાવીને દિવસના અંત સુધી ૨૫૦૦ કરોડ રૂપિયા ચુકવી દેવાની વોડાફોન-આઈડિયાની દરખાસ્તને ફગાવી દીધી હતી. એજીઆર દેવા સામે શુક્રવાર સુધી બીજા ૧૦૦૦ કરોડ રૂપિયા ચુકવી દેવા સુપ્રિમ કોર્ટે તૈયારી હોવાની વોડાફોન-આઈડિયાની દરખાસ્ત સ્વીકારી ન હતી. તેમની સામે કોઈ કઠોર પગલા ન લેવાની માંગ કરતી અપીલને સુપ્રિમ કોર્ટે ફગાવી દીધી હતી. જસ્ટીસ અરુણ મિશ્રાના નેતૃત્વમાં બેચે વરિષ્ઠ વકીલ મુકુલ રોહતાગી દ્વારા આપવામાં આવેલી દરખાસ્તને સ્વીકારવાનો ઈનકાર કરી દીધો હતો.

આ મામલાનો ઉલ્લેખ કરવામાં આવ્યા બાદ વોડાફોન તરફથી ઉપસ્થિત રહેતા મુકુલ રોહતાગીની રજુઆત ફગાવી દેવામાં આવી હતી. રોહતાગીએ વોડાફોન-આઈડિયા તરફથી રજુઆત કરતા કહ્યું હતું કે તેઓ આજે સોમવાર સુધી ૨૫૦૦ કરોડ રૂપિયા અને શુક્રવાર સુધી બીજા ૧૦૦૦ કરોડ રૂપિયા ચુકવી દેવા માટે તૈયાર છે પરંતુ કંપની સામે કોઈ પગલા લેવા જોઈએ નહીં. વોડાફોન તરફથી સરકાર સમક્ષ બેન્ક ગેરન્ટીની વાત પણ કરવામાં આવી હતી.

સુપ્રિમ કોર્ટે શુક્રવારના દિવસે ભારતી એરટેલ, વોડાફોન-આઈડિયા અને અન્ય ટેલિકોમ કંપનીઓ સામે તિરસ્કાર કાર્યવાહીની ચેતવણી આપી હતી. અગાઉના દેવામાં ૧.૪૭ લાખ કરોડ રૂપિયાની રકમ ચુકવવા તેના આદેશને નહીં પાળવા બદલ ટેલિકોમ કંપનીઓ સામે તિરસ્કારની કાર્યવાહી કરવાની ચેતવણી આપી હતી. સુપ્રિમ કોર્ટના આ આદેશની સાથે જ સરકારે પણ ટેલિકોમ કંપનીઓ પર લાલ આંખ કરી હતી.

● અનુસંધાન પાન-૭ પર

## ગુજરાત ક્લીનર પ્રોડક્શન સેન્ટર
ઈ-મેલ : gcpc11@yahoo.com, info@gcpcgujarat.org.in
બ્લોક નં.૧૧-૧૨, ૩જો માળ, ઉદ્યોગભવન, સેક્ટર-૧૧, ગાંધીનગર - ૩૮૨૦૧૭, ફોન નં. : ૯૮૨૫૧૪૬૮૪૪

**ગાંધીનગર સ્થિત રજીસ્ટર્ડ ચાર્ટડ એકાઉન્ટન્સની નિમણૂંક**


સાર્વજનિક ટ્રસ્ટ અને સોસાયટી હેઠળ નોંધાયેલ ગુજરાત ક્લીનર પ્રોડક્શન સેન્ટરના નાણાકીય વર્ષ ૨૦૧૯-૨૦૨૦ના હિસાબોના સ્ટેટ્યુટરી ઓડિટ તથા ઈન્કમટેક્ષ રીટર્ન ફાઈલ કરવા માટે **ગાંધીનગર સ્થિત રજીસ્ટર્ડ ચાર્ટડ એકાઉન્ટન્ટ્સ પાસેથી તા.૨૯/૦૨/૨૦૨૦ સુધીમાં સાંજે ૫.૩૦ કલાક સુધીમાં** નિયત નમુનામાં પુરતી વિગતો સહિત ઉપરોક્ત કચેરીને RPAD/Speed Post/Courier/રૂબરૂ દ્વારા મળી રહે તે મુજબ દરખાસ્ત મંગાવવામાં આવે છે. દરખાસ્તનું ફોર્મ www.gcpcgujarat.org.in વેબસાઈટ ઉપરથી ડાઉનલોડ કરી દરખાસ્ત સાથે રૂા.૨૦૦/- નો ચેક ગુજરાત ક્લીનર પ્રોડક્શન સેન્ટરના નામનો ફી પેટે (નોન રીફંડેબલ) લખી મોકલવો.

**સભ્ય સચિવ
જીસીપીસી**

Education For Freedom
SINCE 2007

## અભિનંદન

ભારતના અગ્રેસર સમાચારપત્ર ગ્રુપ
દિવ્ય ભાસ્કર (MY FM) દ્વારા
ગાંધીનગર સ્થિત
SAHJANAND
SCHOOL OF ACHIEVER
ને
Most Trusted Institute for
Science Education
માટે
MY FM LEADERSHIP
AWARD - 2020
થી પુરસ્કૃત કરવા બદલ,
કલ્ચરલ ફોરમ, ગાંધીનગરના અધ્યક્ષ તથા
ગાંધીનગર સમાચારના તંત્રીશ્રી કૃષ્ણકાન્ત જહાએ
સંસ્થાને હ્રદયથી અભિનંદન પાઠવ્યા.



શ્રી કૃષ્ણકાન્ત જહા
અધ્યક્ષ,કલ્ચરલ ફોરમ,
તંત્રીશ્રી, ગાંધીનગર સમાચાર




MY FM LEADERSHIP AWARD - 2020

